ગુજરાતે સમગ્ર હિન્દુસ્તાનને ઊર્જાવાન બનાવ્યું

ક્લાઈમેટ ચેંજ સામે ક્લાઈમેટ જસ્ટીસનું વિશ્વને પથદર્શક બનતું ગુજરાત : મુખ્યમંત્રી

ગુજરાત, તા. ૧૯

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે એશિયાનો સૌથી મોટો ચારણકા ગુજરાત સોલાર પાર્ક અને રાજ્યના જુદા જુદા સ્થળોએ આજથી કાર્યરત થયેલા કુલ ૬૦૦ મેગાવોટ વીજક્ષમતાના દશ સોલાર પાવર પ્લાન્ટ એકમો રાષ્ટ્રને સમર્પિત કરતાં જણાવ્યું કે સમગ્ર હિન્દુસ્તાનને ઊર્જાશકિત પુરૂ પાડતુ સામર્થ્યવાન રાજ્ય ગુજરાત બની ગયુ છે.

આ ગુજરાત સોલાર પાર્ક સોલાર અને વિન્ડ એનર્જીનો હાઈબ્રીડ પાવર પ્રોજેક્ટ છે અને હવે ગુજરાત સરકાર સૌર વીજળી માટેની રૂફ ટોપ સોલાર પાવર પોલીસી લાવી રહ્યું છે જેના પરિણામે સામાન્ય નાગરિક પણ પોતાના મકાનની છત પર સૂર્ય ઉર્જાથી વીજળી પેદા કરીને સરકારને વેચી શકશે એવી જાહેરાત તેમણે કરી હતી.

ઉત્તર ગુજરાતના રણકાંઠે ચારણકામાં ૩૦૦૦ એકર પડતર જમીનમાં મુખ્ય મંત્રીશ્રીની દ્રષ્ટિવંત પ્રેરણાથી સ્થપાયેલો ગુજરાત સોલાર પાર્ક સમગ્ર એશિયામાં સૌથી મોટો છે અને ડીસેમ્બર-૨૦૧૦માં મુખ્ય મંત્રીશ્રીના હસ્તે જ તેનો શિલાન્યાસ થયો હતો. આ સોલાર પાર્ક વિકસાવવામાં ગુજરાત સરકાર સાથે ૨૧ જેટલી દેશ-વિદેશની આંતરરાષ્ટ્રીય સોલાર પાવર કંપનીઓ સહભાગી બની છે અને એક જ વર્ષમાં વિક્રમ સર્જક સમયમાં એશિયાનો ૫૦૦ મેગાવોટ સૌરઊર્જાથી ઉત્પાદન કરતો આ પાર્ક કાર્યરત કર્યો છે.

ચારણકાની મરૂભૂમિને સ્વર્ણિમ સુર્યતીર્થમાં રૂપાંતર કરવાનું સ્વર્ણિમ સપનું સાકાર કરનારા સોલાર પાવર ડેવલોપર્સને અભિનંદન આપતાં મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાતના ૧૦ જિલ્લાઓમાં આજથી કાર્યરત થયેલા કુલ ૬૦૦ મેગા વોટના સોલાર પાવર પ્લાન્ટનું પણ ચારણકાથી એક સાથે રાષ્ટ્રને સમર્પણ કર્યુ હતું.

સમગ્ર ગુજરાત સોલાર પાર્કનું વિશાળ ટાવર ઉપરથી વિહંગાવલોકન કર્યા બાદ મુખ્ય મંત્રીશ્રીએ ડેવલપર્સ કંપનીના પદાધિકારી સંચાલકોને અમેરિકાના કોન્સેલ જનરલ શ્રી પીટર હેશ, એ.ડી.બી.ના અને આઈ.એફ.સી.ના વરિષ્ઠ પ્રતિનિધિઓ સાથે આ સૌરશકિત નિર્માણમાં સહભાગી બનવા માટે આવકાર અને અને અભિનંદન આપ્યા હતા.

મુખ્ય મંત્રીએ જણાવ્યું કે ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેઈન્જના સંકટોથી ઘેરાઈ ગયેલા વિશ્વને ક્લાઈમેટ જસ્ટીસ પૂરૂ પાડવાનું આપણું સ્વપ્નું છે. મુખ્ય મંત્રીશ્રીએ ચારણકાની આજની આ સિધ્ધિદાયક ઘટના ગુજરાતને માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને પર્યાવરણ મૈત્રીપૂર્ણ ઉર્જાની દિશા પૂરી પાડે છે. ગુજરાતે આખા દેશમાં સર્વપ્રથમ સોલાર એનર્જી પોલીસી ૨૦૦૯માં અમલમાં મૂકી ત્યારે ભારત સરકાર આ અંગે પ્રાથમિક વિચારણા કરતી હતી તેનો ઉલ્લેખ કરી મુખ્ય મંત્રીશ્રીએ સૂર્યશકિતથી વીજ ઉર્જાનું ઉત્પાદન સસ્તું થાય તે દિશામાં રાજ્ય સરકારના પ્રયાસોની ફલશ્રુતિ રજૂ કરતા જણાવ્યું કે સૂર્ય ઉર્જાથી શરૂમાં રૂા.૧૫ પ્રતિ યુનિટ વીજળી ઉત્પાદન ખર્ચ આવતો હતો તે ઘટીને રૂ.૮.૫૦ થઈ ગયો છે અને ભવિષ્યમાં સૂર્ય ઉર્જાથી પેદા થતી વીજળીનો પુરવઠો વધતો જશે ત્યારે તેની કિમત પ્રતિ યુનિય રૂા.૪ થઈ જશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

એકલું ગુજરાત સોલાર પાવરમાં દેશનું કુલ ૬૬ ટકા હિસ્સો ધરાવે છે અને આજે સમગ્ર દેશમાં ગુજરાત પાવર સરપ્લસ સ્ટેટ થઈ ગયું છે એમ છતાં રિન્યુએબલ એનર્જીના વિકાસ માટે અત્યારે પણ રૂા.૨૦૦૦ કરોડનું રોકાણ બજેટ ફાળવેલું છે. આ દર્શાવે છે કે ક્લાઈમેટ ચેઈન્જ માટે ગુજરાત વિશ્વને વૈકલ્પિક ઉર્જા તરફ પ્રેરિત કરવા પથદર્શક બન્યું છે.

આજે ૧૯મી એપ્રિલ છે અને ભારતે સ્પેસ શટલ સેલ્યુર-૧ અને પ્રથમ ઉપગ્રહ આર્ય ભટ્ટની સિધ્ધિ પણ આજ દિવસે અગાઉ મેળવી હતી તથા આજે જ અગ્નિ-૫ પણ છોડવામાં આવ્યું તે ગૌરવપૂર્ણ દિવસે જ એશિયાના સૌથી મોટા સોલાર પાવર પાર્કનું રાષ્ટ્રને સમર્પણ થયું તેનો ગૌરવસહ ઉલ્લેખ કરતાં જણાવ્યું કે જેઓએ એક વર્ષ પહેલાં આ ભૂમિ ઉપર સોલાર પાર્કનો વિરોધ કરેલો તેઓએ આ મરૂભૂમિની એકજ વર્ષમાં કેવી આર્થિક-સામાજિક કાયાપલટ થઈ ગઈ તેની આંખ ઉઘાડતા આ વિકાસ સિધ્ધિની ભૂમિકા આપી હતી.

આગામી સમયમાં ગુજરાત સરકારની આ પહેલ સમગ્ર વિશ્વના એનર્જી માર્કેટને પ્રભાવક કરશે તેવો પૂરો વિશ્વાસ વ્યકત કરતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે ગુજરાત સરકાર સોલાર પાવર ઈકવીપમેન્ટ મેન્યુફેક્ચરીંગના એકમો મોટાપાયે સ્થાપવા માંગે છે અને તેના કારણે ત્રીસ હજાર યુવાનો ને સોલાર એનર્જી ક્ષેત્રે રોજગારીના દરવાજા ખૂલી ગયા છે. આ હુન્નર-કુશળ માનવશકિત તૈયાર કરવા આઈ.ટી.આઈ.ના નેટવર્કમાં હાઈટેક સુપિરીયર આઈ.ટી.આઈ. ટેકનોલોજી સેન્ટર્સમાં સોલાર એનર્જી ટેકનોલોજીના કોર્સ શરૂ થઈ ગયા છે.

વડાપ્રધાનશ્રીને સન-સન મુવમેન્ટ શરૂ કરીને સોલાર રેડીએશન ધરાવતાં દેશોનું ભારત નેતૃત્વ લે તેવી રજૂઆત કરી છે તેની યાદ અપાવતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે રાજકીય ઈચ્છા શકિત હોય તો ભારત સમગ્ર વિશ્વમાં સૂર્ય ઉર્જા શકિતથી પોતાનું વર્ચસ્વ પ્રસ્થાપિત કરી શકે છે પરંતું કમનશીબી એ છે કે ભારત સરકારના વર્તમાન શાસકોમાં આ સપનું સાકાર કરવાની નિયત નથી. પરંતુ ગુજરાત સરકાર સૂર્ય ઉપાસના કરીને સમગ્ર વિશ્વના ભાગ્યને બદલવામાં નવો વિશ્વાસ આપે છે કે ગ્લોબલ વોર્મિંગ સામે લડવામાં નવી તાકાત આપશે એવો નિર્ધાર તેમણે વ્યકત કર્યો હતો.

ઉર્જા રાજ્ય મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે ગુજરાતને દેશનું સૌથી વિકાસશીલ રાજ્ય ગણાવતાં સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતે એક દાયકા પૂર્વે પંચામૃત શકિત આધારિત વિકાસની જે નવી દિશા અપનાવી તેમાં ઉર્જા શકિત એક મહત્વપૂર્ણ શકિત તરીકે ઉભરી આવી અને તેની કલ્પશ્રુતિએ ગુજરાત આજે વીજપુરાંત વાળુ રાજ્ય બન્યું છે એટલું જ નહીં સૌર ઉર્જા ઉત્પાદનનો નવો રાહ ગુજરાતે દેશને બતાવ્યો છે.

અમેરિકન કોન્સલ જનરલ શ્રીયુત પીટર હેશે ગુજરાતની સૌર ઉર્જા ઉત્પાદનના હબ બનવાની સંભાવનાઓમાં સુર પૂરાવતાં જણાવ્યું કે, વિકસિત રાષ્ટ્રો પણ ગુજરાત જેવા વિકાસ પ્રતિબધ્ધ રાજ્યમાં સૌર ઉર્જા સહિતના અનેક વિધ ક્ષેત્રોમાં રોકાણ અને સહયોગ કરવા તત્પર છે તે જ ગુજરાતના વિકાસની વૈશ્વિક કિર્તીનું સ્વયં પરિમાણ છે.

આ પ્રસંગે રાધનપુરના ધારાસભ્ય શ્રી શંકરભાઈ ચૌધરી, જેડા અધ્યક્ષ શ્રી આઈ.એમ.ભાવસાર તેમજ એશિયન ડેવલપમેન્ટ બેંકના સીનીયર ક્લાઈમેટ ચેન્જ સ્પેશીયાલીસ્ટ શ્રીયુત્ નાઓકી સાકાઈ, ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશનના રીન્યુએબલ એનર્જી સેકટરના સ્પેશીયાલિસ્ટ શ્રીયુત ડ્રાગ યંગર, ઉર્જાના અગ્રસચિવ શ્રી પાંડીયન તેમજ અધિકારીઓ સહિત દેશ વિદેશની સૌર ઉર્જા ઉત્પાદન ક્ષેત્ર સાથે સંકળાયેલી કંપનીઓના ઉદ્યોગ સંચાલકો, આમંત્રિતો તથા સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠા જિલ્લાના ૧૭ નાયબ મામલતદારોની અરસપરસ બદલી

નામ	હાલની જગ્યા	બદલીની જગ્યા
જી.પી.પાઠી	નાયબ મામલતદાર જાગીર, કલેકટર કચેરી, હિંમતનગર	નાયબ મામલતદાર મતદારયાદી, ઈડર
જી.ડી.પરમાર	ના.મા. મતદારયાદી, ઈડર	ના.મા. નાઃ કલેકટર ધરોઈ, હિંમતનગર
આર.એ. પટેલ	મામલતદાર કચેરી ચિત્રોડા	મામલતદાર કચેરી ભિલોડા
આર.જે. પટેલ	મામલતદાર કચેરી ભિલોડા	મામલતદાર કચેરી ઈડર
ટી.એ. આગલોડીયા	ના.મા., ના. કલેકટર ધરોઈ, હિંમતનગર	નાયબ મામલતદાર હિંમતનગર
પી.આઈ. પટેલ	ના.મા. સુપરવિઝન, ઈડર	ના.મા. ના કલેકટર ધરોઈ, હિંમતનગર
એસ.આર. મિસ્ત્રી	ના.મા. પુરવઠા, હિંમતનગર	ના.મા. રેકર્ડ, મા. કચેરી હિંમતનગર
આઈ.કે. પટેલ	ના.મા. ના કલેકટર ધરોઈ, હિંમતનગર	ના.મા. ખાસ જમીન સંપાદન કચેરી, હિંમતનગર
જે.સી. ચૌહાણ	ના.મા. રેકર્ડ, મા. કચેરી હિંમતનગર	ના.મા. સુપરવિઝન મા. કચેરી, ઈડર
એ.એસ. ગઢવી	ના.મા. ખાસ જમીન સંપાદન કચેરી, હિંમતનગર	ના.મા. ઈ-ધરા, મા. કચેરી મોડાસા
ડી.એમ. ચમાર	ના.મા. ઈ-ધરા, મા. કચેરી, ભિલોડા	ના.મા. ઈ-ધરા, મા. કચેરી, હિંમતનગર
એસ.એમ. પટેલ	ના.મા.ઈ-ધરા, હિંમતનગર	ના.મા. મતદાર, મા. કચેરી તલોદ
ડી.આર. પટેલ	ચીફ સપ્લાય ઈન્સ્પે., હિંમતનગર	ના.મા. કચેરી મહેસૂલ, મા. કચેરી હિંમતનગર
જે.એસ. પટેલ	ના.મા. મહેસૂલ, મા. કચેરી હિંમતનગર	ના.મા. પુરવઠા, મા. કચેરી, ભિલોડા
એ.ટી. રાઠોડ	ના.મા. જમીન-૩, કલેકટર કચેરી હિંમતનગર	ના.મા.ઈ-ધરા મા. કચેરી ભિલોડા
બી.કે. સાધુ	ના.મા. મતદારયાદી મા. કચેરી, તલોદ	ના.મા. સુપરવિઝન મા. કચેરી તલોદ
બી.સી. બારોટ	ના.મા. સુપરવિઝન મા. કચેરી તલોદ,	ના.મા. જાગીર હિંમતનગર

હિંમતનગર-પ્રાંતિજમાં ગરીબ કલ્યાણ મેળા યોજાયા

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લામાં ગરીબ અને પછાત વર્ગના લોકોને સરકારની જુદી જુદી યોજનાઓનો સીધે સીધો લાભ મળે તે માટે ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન થઈ રહ્યું છે. ગુરૂવારે હિંમતનગર અને પ્રાંતિજ ખાતે ગરીબ કલ્યાણ મેળા યોજાયા હતા જેમાં હિંમતનગર ખાતે ૭૩૭૪ લાભાર્થીઓને ગૃહરાજ્યમંત્રી પ્રફુલભાઈ પટેલ દ્વારા ૧૫ કરોડના સાધનોની કીટ, ચેક અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. પ્રાંતિજ ખાતે ૪૩૧ લાભાર્થીઓને કીટ અને ૯૯૧ ને ચેક તેમજ ૨૦૦ લાભાર્થીઓને સહાય ચેક આપવામાં આવ્યા હતા.

સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા, માલપુર, મેઘરજ, ભિલોડા અને વડાલી ખાતે ગરીબ કલ્યાણ મેળા યોજ્ય કરોડો રૂપિયાના સાધનસહાય ગરીબોને સીધે સીધા આપ્યા બાદ ગુરૂવારે જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર તેમજ પ્રાંતિજ ખાતે ગરીબ કલ્યાણ મેળા યોજાયા હતા. હિંમતનગર ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ઉપસ્થિત લાભાર્થીઓને સંબોધતા ગૃહ રાજ્યમંત્રી પ્રફુલ પટેલે જણાવ્યું હતું કે જિલ્લાના છેવાડે રહેતા ગરીબ અને પછાત વર્ગના માનવીને પગભર કરવા માટેનો ગુજરાત સરકારનો અભિગમ છે. જિલ્લાનો પછાત વર્ગના શ્રમજીવીઓને સાધન સામગ્રી તેમજ ધંધો રોજગાર માટે સહાયના ચેક આપી રોજગારી પુરી પાડવા રાજ્ય સરકારના સંકલ્પ છે. પાલુકાકક્ષાએ યોજાયેલા ગરીબ કલ્યાણ મેળામાં લાખોની સાધનસહાય, કીટ અને ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. જ્યારે પ્રાંતિજ ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં ૧૪૫૦ લાભાર્થીઓને રૂ.૯૪.૨૭ લાખની કીટ અને ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી વી.કે. સુથારે જણાવ્યું હતું કે શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને કીટ, ૯૯૧ લાભાર્થીઓને ચેક અને ૨૦૦ લાભાર્થીઓને અન્ય સહાય અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ હેમલતાબેન પટેલ, મામલતદાર રીકેશ પટેલ, ટી.ડી.ઓ. વસંતભાઈ સોલંકી, ડો. મહેન્દ્રસિંહ ચૌહાણ સાંસદ સાબરકાંઠા અને હિંમતનગર તાલુકા પ્રમુખ નારણભાઈ પટેલ, નગરપાલિકાના ચીફ ઓફિસર સુરેશ શેઠ સહિત અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બાયડ તાલુકા આચાર્ય સંઘના હોદેદારોની વરણી કરાઈ

બાયડ, તા.૧૯

બાયડ તાલુકા આચાર્ય સંઘના હોદેદારો ની વરણી કરવા માટે બાયડ તાલુકા ની ચોઈલા હાઈસ્કુલમાં તા ૧૬ ના રોજ એક મીટીંગ નુ આયોજન કરાયુ હતુ આ મીટીંગ નુ આયોજન સાનુકુળ વાતાવરણ માં સારૂં ૪ કલાકે રાખવામાં આવ્યુ હતુ.

જેમા બાયડ તાલુકા આચાર્ય સંઘના પ્રમુખ તરીકે બી.એચ. પટેલ (જીનપુર હાઈસ્કુલ આચાર્ય) મંત્રી એ.આર.ચૌહાણ (લાંક હાઈસ્કુલ) ઉપપ્રમુખ એ.ડી.ડાભા (વાસણા છબીડી) સહમંત્રી જે.એસ ચૌહાણ (સવેલા હાઈસ્કુલ) અન્વેષક કે.એસ.પટેલ (વજેપુરા હાઈસ્કુલ)ની વરણી કરવામાં આવી હતી. જીલ્લા કારોબારી સભ્ય તરીકે વી.પી.પટેલ. (ચોઈલા હાઈ.) આર.પી.રાઠોડ (નાનીબા હાઈ.) પી.એમ.પટેલ (ઓઢા હાઈ.) એસ. એમ. પટેલ (આંબલીયારા હાઈ.) જ્યારે સંસદ સભ્ય તરીકે એ.કે.બલોચ (સારસ્વત હાઈ.) એન.એમ.પટેલ (બોરોલ હાઈ.) આર.જે. પટેલ (અમીયાપુર) પી. જે.પટેલ આચાર્ય દીપેશ્વરી હાઈ)

ધનસુરા તાલુકામાં ભાજપ સ્થાપના દિનની ઉજવણી કરાઈ

ધનસુરા, તા. ૧૯

ધનસુરા તાલુકામાં ભાજપ સ્થાપના દિનની ઉજવણી ભારે ધામધૂમપૂર્વક ધારાસભ્ય દિલીપસિંહ પરમાર અને કાર્યકર્તાઓની હાજરીમાં થઈ હતી.

ભાજપના સ્થાપના દિનની ઉજવણીના ભાગરૂપે ધારાસભ્ય દિલીપસિંહ પરમારે પ્રાસંગિક વકતવ્ય આપી પક્ષના આદેશનુસાર ધનદાન માટે રૂ. ૨ લાખનો ચેક અર્પણ કર્યો હતો. બાદમાં ક્વોરી દેસાઈએ કર્યું હતું.

ધનસુરામાં વલ્લભાચાર્યનો પ્રાગટયોત્સવ ઉજવાયો

સાબરકાંઠાના ધનસુરા ખાતે આવેલ ગોકુલનાથજી મંદિરના મહાપ્રભુ વલ્લભાચાર્યજીનો પ.૩પમો પ્રાગટય મહોત્સવ ભારે ધામધૂમ અને શ્રધ્ધા ભકિતથી ઉજવાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવ પરિવારો હાજર રહ્યા હતાં. મહાપ્રભુ વલ્લભાચાર્યજીના પ.૩પમા પ્રાગટય પ્રસંગે આશાબેન અને તેમના પુત્ર ધનશ્યામ ભાઈએ ધાર્મિક વિધિવિધી શોભાયાત્રા માટે તૈયાર કરેલા રથમાં વલ્લભાચાર્યજીના સ્વરૂપને બિરાજમાન કરી ઉછામણી બોલાવી હતી. બાદમાં સાંજે પ.૩૦ કલાકે ગોકુલનાથજી મંદિરના પટાંગણમાંથી બેન્ડવાજા અને ભજન કિર્તનની રમઝટ સાથે વિશાળ શોભાયાત્રા ધનસુરા નગરમાં ફરી પરત મંદિરે આવી હતી.

જાહેર નિવિદા નં. ૧/૫૦૧૨-૧૩

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સર્વિયાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં. ૩, પ્રથમ માળ, એ-બ્લોક, પાટનગર સોજીના ભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૦૦૧૬ (ફોન : ૨૩૨૫૯૪૭૧-૭૨) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના ૧ થી ૩ કામના ટેન્ડર જેની અંદાજિત રકમ રૂ. ૭૫,૨૩૨.૪૪ થી રૂ. ૨,૯૨,૩૭૫.૦૦ નીમે વચ્ચે છે.

જે મટે ચોગ્ય બેલીઓ નીચેથી સ્પેલ વિદ્યુત પરવાના ધરવાના વિદ્યુત કેકેદારો / મૂળ ઉત્પાદકો, ઓથોરાઈઝ્ડ ડીલર્સ / જે તે કામના નિષ્ણાંત અને અનુભવી પેઢી પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામના ફોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ ૨૪-૪-૨૦૧૨ (સમય ૧૬.૦૦ કલાક) સુધી છે. ભરેલ ટેન્ડરો રજા.પો.એ.ઈ., સર્વો પાસેથી પરત મેળવવાની છેલ્લી તા. ૪-૫-૨૦૧૨ કચેરી સમય સુધી છે. આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવે છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોકત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રજા પરવાના ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

જો સરકારની દ્વારા આકસ્મિક રજા જાહેર થાય તો ટેન્ડર આપવાની તથા પરત મેળવવા અંગેની તારીખો જાહેર રજાના પછીના કચેરીના કામકાજના દિવસની નાણતરીમાં લેવામાં આવશે.

ક્માર/૫૬૧/૧૨-૧૩

ગાંધીનગરસમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ૨-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૧૫૧, ૨૩૨૩૫૫૧, ફેક્સ : ૨૩૨૩૧૫૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાચીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યુરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૮૨૫૦૪૪૪૩ ૯૩૪૪૪૪૭૧૯
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા કોટોગ્રાફર	૯૮૨૪૩૩૩૪૩
અકેમદઉલ્લા શેખ	મોડાસા	૯૮૧૩૫૮૩૧૪
દશરથ વણઝારા	તલોદ	૯૧૩૮૧૮૮૭૯૧
જમક રાવલ	વડાલી	૯૬૨૫૭૯૯૯૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
પ્રવિણભાઈ સોની	મેઘરજ	૯૪૨૮૫૫૪૯૫૪
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૩૬૧૭
રમેશભાઈ વેષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૯૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૯૯
ક્રોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા	૯૦૯૮૪૦૨૫૩૩
ગણપતભાઈ જોષી	પાલનપુર	૯૩૯૫૦૩૬૦૬૧
ધરેશ જોષી	પાલનપુર	૯૩૨૮૩૧૫૭૫
કાંતિલાલ લોંધા	ડીસા	૯૯૭૬૦૧૦૦૪૭
જેઠાભા વાઘેલા	પાટણ	૯૮૯૮૨૧૦૪૩૬

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જુ.આઈ.ડી.સી., કલ્પા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામકા મોટો ઈલેક્ટ્રીક કામ
● પેન્ચુલ પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES — APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર રીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેલરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ ૧-૦૦ વાગ્યા સુધી ચાલુ રહે

એપોલો એક્સીલીયર ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૬૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮